ગાંધીનગર સમાચાર

ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે
આરક્ષિત ૩૨૨ પૈકી ૬૬ સીટ જ ભરાઇ

# અડાલજ વેરહાઉસમાં મોડી રાત્રે ભીષણ આગ

**સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશનના સરકારી ગોડાઉનમાં લાગેલી આગથી કરોડોનું નુકશાન : પ્રાઈવેટ કંપનીઓની માલીકીનો કસ્ટમ કલીયરન્સ સહીતની પ્રોસેસ માટે ગોડાઉનમાં પડેલો સામાન બળીને ખાખ : દોઢ લાખ લીટર પાણીનો મારો ચલાવી ફાયરબ્રિગેડની દસ ગાડીઓએ મળી ત્રણ કલાકે આગને કાબુમાં લીધી**





ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક અડાલજ ખાતે સ્થિત સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશનના સરકારી ગોડાઉનો પૈકી એક ગોડાઉનમાં મોડી રાત્રે કોઈ કારણોસર ભીષણ આગ ભભુકી ઉઠી હતી. ગોડાઉનમાં કસ્ટમ કલીયરન્સને લગતી પ્રોસેસ માટે પ્રાઈવેટ કંપનીઓનો ઓઈલ તથા કેમીકલના ડ્રમ સહીતનો કરોડોની કિંમતનો માલસામાન પડ્યો હતો. કરોડોનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે. ગાંધીનગર ફાયરબ્રિગેડ ઉપરાંત કલોલ, માણસા, દહેગામ અને અમદાવાદની ફાયરબ્રિગેડની ટીમોની ૧૦ ગાડીઓએ આશરે દોઢ લાખ લીટર પાણીનો મારો ચલાવી આગને ત્રણ કલાકની જહેમતે કાબુમાં લીધી હતી. આગ લાગવા પાછળનું સ્પષ્ટ કારણ હજુ સુધી બહાર આવી શક્યુ નથી.

ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા અન્ડરટેકીંગ સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશન, અડાલજ ખાતે ગોડાઉન નં. ૬માંથી રાત્રે ૨.૪૭ કલાકે અચાનક ધુમાડાના ગોટેગોટા ઉઠવાના શરૂ થઈ ગયા હતા. પળવારમાં જ વિકરાળ આગ ભભુકી ઉઠી હતી. અડાલજના અગ્રણી દિનેશભાઈ પટેલને ઘટના અંગે જાણ થતા ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લેતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમના કાફલા સાથે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગનું રૂદ્ર સ્વરૂપ જોઈ વધુ વોટર બ્રાઉઝરની જરૂરીયાત જણાતા આગને કાબુમાં લેવા ગાંધીનગરન ઉપરાંત કલોલ, દહેગામ, માણસા અને અમદાવાદની ટીમોને તાત્કાલીક ઘટનાસ્થળે બોલાવી લેવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## અડાલજના અગ્રણી દિનેશભાઈ પટેલે સમયસુચકતા દાખવી

વેરહાઉસના ગોડાઉનમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હોવાથી તેની પાછળના ખેતરમાં રહેતા ખેડૂતનું ધ્યાન ગોડાઉન પર પડ્યુ હતુ. બીજી તરફ ચોકીદારનું પણ ધ્યાન ત્યાં ગયું હતું. ખેડૂતે તરત જ રાત્રે અડાલજના અગ્રણી દિનેશભાઈ ચુનીલાલ પટેલને ફોન કરી આગ લાગી રહી હોવાની જાણ કરી હતી. સમયસુચકતા દાખવીને દિનેશભાઈએ તાત્કાલીક ગાંધીનગર ફાયરબ્રિગેડ અને પોલીસને ઘટનાની જાણ કરી દેતા કાફલો તાબડતોબ આવી ગયો હતો અને આગને કાબુમાં લેવાની કામગીરી શરૂ કરી દેવાતા અન્ય ગોડાઉનો સુધી આગ પહોંચે અને મોટુ નુકશાન થાય તે પહેલા જ આગ નિયંત્રણમાં લાવી શકાઈ હતી.

## ગોડાઉનમાં ૧૬.૪૩ કરોડનો સામાન હતો..!

સરકારી ગોડાઉનમાં એસીયાટીક કલર કેમીકલ સહીતના વિવિધ એસીડ અને કેમીકલના ૧૮,૩૭૨ કોથળા, ૭૬૦ ડ્રમ અને ૭ પ્લેટ મળીને કુલ રૂ. ૧૬,૪૩,૦૦,૫૮૮ની કિંમતનો માલસામાન પડ્યો હતો જે બળીને ખાખ થઈ જવા પામ્યો છે. જો કે ઈન્સ્યોરન્સ હોવાની વાત પણ ધ્યાને આવી છે.

## ગોડાઉનની દિવાલ ક્રેઈન વડે તોડી ફાયરની ટીમો ઘુસાડવી પડી..!

વેરહાઉસના ગોડાઉનની અંદર લાગેલી આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી હતી. ગોડાઉનમાં કેમીકલ પણ હતા જેને લઈ એક દિવાલને તોડવા રાત્રે ક્રેઈન મંગાવવી પડી હતી. દિવાલ તોડ્યા બાદ ફાયરબ્રિગેડની ટીમો અંદર ઘુસી હતી અને પાણીનો મારો શરૂ કરી આગ કાબુમાં લીધી હતી.

## એફએસએલની મદદ લેવાશે

સરકારી ગોડાઉનમાં ખાનગી કંપનીઓનો કરોડોનો માલસામાન અચાનક આગ લાગવાથી બળીને ખાખ થઈ જવા પામ્યો છે. આ આગ લાગવા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયુ નથી. શક્યતા છે કે શોર્ટસર્કીટથી અથવા કેમીકલ સહીતનો જથ્થો ગોડાઉનમાં હતો અને હીટ પકડાવાથી પણ આગ લાગી હોય..! કે અન્ય કારણ..? આગ લાગવા પાછળનું કારણ બહાર લાવવા એફએસએલની મદદ લેવામાં આવશે. પોલીસ ફરીયાદ કરવાની પણ તજવીજ શરૂ કરવામાં આવી છે.

# સે-૭ અને ૧૩ માં ત્રણ સરકારી બ્લોક ભયજનક હોવાથી ખાલી કરાવી દેવાયા

**ચ અને જ-૨ કક્ષાના ત્રણેય બ્લોક તોડી નાંખવા ડિઝાઈન સર્કલ કચેરીનો અભિપ્રાય મેળવી કાર્યવાહી હાથ ધરાશે : સર્વેના અંતે જોખમી બ્લોક ધ્યાને આવ્યા**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ સેકટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૧૩ તેમજ સે-૭ માં તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે વધુ ત્રણ બ્લોક અત્યંત ભયજનક હાલતમાં હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. તંત્ર દ્વારા આ ત્રણેય બ્લોક ખાલી કરાવી દેવાયા છે. જયારે આ બ્લોકને તોડી નાંખવા માટે ડિઝાઈન સર્કલનો અભિપ્રાય મેળવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં વિવિધ કેટેગરીના સરકારી આવાસો છે. દાયકાઓ જુના આ સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો છે. ત્યારે આ પૈકી નિકાલ હેઠળના જાહેર થયેલા મકાનો તોડવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. બીજીતરફ નિકાલ હેઠળના મકાનોને તોડી નંખાયા બાદ નવા મકાનો બાંધવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. ત્યારે ચોમાસા દરમિયાન પણ સેકટરોના સરકારી આવાસોમાં છતમાંથી પોપડા ખરતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે સ્માર્ટ સિટીની સુફિયાણી વાતોના અંતે પણ સરકારના કર્મચારીઓને જ માથે સલામત છત નસીબ ન થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. શહેરમાં સરકારી આવાસોના બાંધકામની સ્થિતિ ચકાસવા એકબાજુ સર્વેની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે તંત્ર દ્વારા અગાઉ હાથ ધરાયેલ સર્વે દરમિયાન સે-૭ અને સ-૧૩માં કેટલાક બ્લોક જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૭ માં અગાઉ બ્લોકનં -૮ ચ કક્ષાના જોખમી બ્લોકને પણ ખાલી કરાવી દેવાયો હતો. આ ઉપરાંત સે-૧૩ માં ચ-૧ ટાઈપના બ્લોક નં -૨૫ તેમજ સે-૭ માં જ કક્ષાના બ્લોક નં-૧૫૫ની હાલત પણ જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેના લીધે તંત્ર દ્વારા આ ત્રણેય બ્લોક ખાલી કરાવી દેવાયા છે. જયારે આ મામલે ત્રણેય ભયજનક બ્લોકને તોડી નાંખવા માટે ડિઝાઈન સર્કલ કચેરીનો અભિપ્રાય મેળવવા માટે પણ જાણ કરવામાં આવી છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલી સર્વેની કામગીરીના અંતે સરકારી આવાસો જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવી રહયુ છે.

# હોસ્પિટલની સ્વચ્છતા-સલામતિ માટે કલેક્ટરની તંત્રને તાકીદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં સલામતિ, સ્વચ્છતા અને સેવામાં સુધાર માટે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કડક તાકીદ કરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતાના તેમજ સલામતિની વ્યવસ્થા અંગે તેમણે હોસ્પિટલના સત્તાવાળાઓ તેમજ એજન્સીઓ સાથે સંયુક્ત બેઠક યોજી હતી. હોસ્પિટલ કેમ્પસમાં આંતરિક તેમજ બાહ્ય સ્વચ્છતાને લઈ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આ સ્થિતિ અસહ્ય કહી શકાય તેવી છે. તેમાં જરૂરી સુધારા કરવા માટે ૧૦ દિવસનો સમય આપ્યો છે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પણ સલામતિની આંતરિક અને બાહ્ય એમ બન્ને રીતે જે ત્રુટીઓ છે તે દૂર કરવા તેમણે જણાવ્યુ હતુ.

સિવિલ કેમ્પસમાં આડેધડ થતા વાહન પાર્કીંગ તેમજ વાહનોની ઉઠાંતરીના વધતા જતા બનાવોને ગંભીર લેખાવી તેમણે સલામતિ માટે જરૂરી પગલાં તાત્કાલિક લેવાય તેવો આગ્રહ કર્યો હતો.

તેમણે સિવિલ હોસ્પિટલમાં પાણીની સમસ્યા સહિતના બાબતોની ચર્ચાઓ પણ સિવિલ સત્તાવાળાઓએ સાથે કરી હતી.

સિવિલ હોસ્પિટલમાં સલામતિ અને સ્વચ્છતાના મુદ્દે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા તાકીદ કરી આગામી પખવાડિયામાં પુનઃ સમીક્ષા કરાશે તેમ જણાવ્યુ હતુ.

# ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે આરક્ષિત ૩૨૨ પૈકી ૬૬ સીટ જ ભરાઈ

**શહેરની ચાર શાળાઓમાં આરક્ષિત સીટમાં પ્રવેશના મામલે કંગાળ ચિત્ર : ઇ બી સી કેટેગરી માટે એક પણ ફોર્મ ન આવ્યુ**

ગાંધીનગર તા ૨૪

ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં શહેરની ચાર શાળાઓમાં વિદ્યાર્થીઓની આરક્ષિત ૩૨૨ સીટ પૈકી માત્ર ૬૬ જ ભરાઈ છે. જયારે ૨૫૬ સીટ હજુ ખાલી છે. પાટીદારોના અનામત આંદોલનના અંતે રાજય સરકાર દ્વારા આર્થિક રીતે નબળા સવર્ણ વર્ગના નાગરિકોને ૧૦ ટકા ઈ બી સી અનામતનો લાભ આપવામાં આવ્યુ છે. જો કે આ પૈકીની ૯૮ સીટ માટે એક ફોર્મ સુધ્ધા પણ આવ્યુ ન હોવાનુ ધ્યાને આવ્યુ છે.

જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની ચાર ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓ માટે ૩૨૨ સીટ આરક્ષિત રાખવામાં આવી હતી. જયારે આ પૈકી માત્ર ૬૬ જ સીટ ભરાઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ૨૫૬ સીટ હજુ પણ ખાલી છે. શહેરની શેઠ સી એમ હાઈસ્કુલ, આર જી કન્યા વિદ્યાલય, ચૌધરી હાઈસ્કુલ તેમજ ગુરુકુલ શાળામાં ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહ માટે આરક્ષિત સીટની જોગવાઈ કરવામાં આવી છે. કુલ ૩૨૨ સીટ પૈકી એસ સી કેટેગરી માટે ૪૨, એસ ટી માટે ૭૦, ઓ બી સી માટે ૧૧૨ અને ઈ બી સી માટે ૯૮ સીટ નિયત કરવામાં આવી હતી. જયારે આ પૈકી ચારેય શાળામાં અત્યાર સુધીમાં માત્ર ૬૬ બેઠકો જ ભરાઈ છે. જયારે ૨૫૬ હજુ પણ ખાલી છે. સરકાર દ્વારા ઈ બી સી અનામતનો લાભ અપાયા બાદ તેને અનુલક્ષીને પણ ૯૮ સીટ આરક્ષિત કરવામાં આવી હતી. જયારે આ કેટેગરીમાં પ્રવેશ માટે એક પણ ફોર્મ ભરયુ ન હોવાનુ ધ્યાને આવ્યુ છે.



દબાણ હટાવવા દબાણ - સ્માર્ટ સિટીના સ્વપ્નને સાકાર કરવા તંત્ર તનતોડ મહેનત કરી રહ્યું છે... છેલ્લા ચાર દિવસથી દબાણ હટાવવાના આરંભાયેલા અભિયાનને વધુ અસરકારક બનાવાઈ રહ્યું છે... શુક્રવારે સેક્ટર-૧૨ અને સેક્ટર-૧૩ના દબાણો દૂર કરાયા હતા... લારી-ગલ્લા અને ઝુંપડપટ્ટીના દબાણો ટાર્ગેટ પર છે... આવનારા દિવસોમાં તમામ સેક્ટરોને દબાણમુક્ત કરવાની કાર્યયોજના અમલમાં મુકાશે....

# સે. ૩, ૫ અને ૮માંથી ૬૧ સ્થાનોએ પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સે. ૩, ૫ અને ૮ની આજે શહેરી મેલેરિયા ટીમે કરેલી તપાસમાં ૬૧ જેટલા સ્થાનો પરથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવતાં તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી છે.

શહેરમાં વિવિધ સેક્ટરોમાંથી ૨૦૦થી પણ વધુ સ્થાનોએથી ડેન્ગ્યુના પોરા અત્યાર સુધીમાં ટીમે શોધી કાઢ્યા છે. જો કે હાલ મચ્છરોની ઉત્પત્તિ માટેનું સૌથી સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ હવે પોરાનાશક કામગીરીને સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

શહેરના મેલેરિયા તંત્રએ સંવેદનશીલ સેક્ટરો પર તેનું ધ્યાન વધુ કેન્દ્રીત કર્યું છે. જે રીતે પોરા મળી રહ્યા છે તેને લઈ તંત્રની કામગીરીનું ભારણ પણ વધી જવા પામ્યુ છે. શહેર આમેય ડેન્ગ્યુ માટે સંવેદનશીલ શહેરોની યાદીમાં સમાવિષ્ટ થયેલું છે.

મળતી વિગતો પ્રમાણે ટીમે આજે આ ત્રણેય સેક્ટરોમાં થઈ ૩૫૦૦ જેટલા આવાસોમાં ૫ હજારથી પણ પાત્રોની ચકાસણી કરી હતી જેમાં ૬૧ જગ્યાએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

શહેરી વિસ્તારોમાંથી જે રીતે પોરા મળી રહ્યા છે તેને તંત્રએ ગંભીરતાથી લીધા છે.

# બાસણની સરકારી શાળા ૫૦ લાખના ખર્ચે રીનોવેશન કરાશે

ગાંધીનગર તા ૨૪

શહેરમાં સરકારી શાળાઓમાં સુવિધાઓના નામે મીંડુ છે. ત્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોની સરકારી શાળોઓમાં દુવિધાઓ ઉભરી રહી છે. વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થતી નથી. બાસણની સરકારી પ્રાથમિક શાળા સાડા ત્રણ દાયકાના અંતે હાલ જર્જરિત હાલતમાં છે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શાળાના રિનોવેશન માટે ત્વરિત નાંણાંકીય જોગવાઈ કરવામાં આવે તેવી અનિવાર્યતા છે. શાળાના રિનોવેશનની યોજના અન્વયે અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ થાય તેમ છે. ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં પણ જરૂરી કામ માટે રૂ ૨૪ લાખના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે બાસણની શાળાનુ મકાન પણ જર્જરિત હાલતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરની સરકારી શાળાઓમાં પાયાની સુવિધાઓનો અભાવ વર્તાય છે. ત્યારે શહેરી વિસ્તારના ગામોમાં પણ સરકારી શાળાઓ ખંડેર હાલતમાં હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. બાસણની સરકારી પ્રાથમિક શાળાનુ મકાન જર્જરિત હાલતમાં છે. ત્યારે શાળા સંકુલની આ દશાને ધ્યાને લઈ તંત્ર દ્વારા શાળાના રિનોવેશન માટે અંદાજ તૈયાર કરવામાં આવ્યો છે. અંદાજિત ૩૨ વર્ષથી શાળાના મકાનની કોઈ દરકાર ન લેવાતા હાલ મકાન પણ કંગાળ હાલતમાં છે. જયારે સુવિધાના નામે પણ મીંડુ છે.

તંત્ર દ્વારા શાળાના નવા મકાન તેમજ કમ્પાઉન્ડ વોલ, બારી દરવાજા બદલવા, પતરાનો નવો શેડ બનાવવા ઉપરાંત આંતરિક રસ્તાનુ કામ હાથ ધરવા માટે અંદાજ તૈયાર કરી દેવાયો છે. આ કામગીરી માટે અંદાજીત રૂ ૫૦ લાખનો ખર્ચ થાય તેમ છે. થોડા સમય અગાઉ જ ઈન્દ્રોડા પ્રાથમિક શાળામાં પાયાની સવલતો ઉભી કરવા માટે રૂ ૨૪ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. ત્યારે બાસણ શાળાના જર્જરિત બિલ્ડીંગ માટે પણ શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાંન્ટ ફાળવવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. શાળાના મકાનની કંગાળ હાલતના લીધે ગમે ત્યારે વિદ્યાર્થીઓ પણ ભયજનક હાલતમાં હોવાનો રોષ પ્રબળ બન્યો છે.

## ડોક્ટર મળશે નહી

**ગાંધીનગરના પ્રખ્યાત**
**કાન-નાક-ગળાના સર્જન**
**ડો. છાટબાર**
**સેક્ટર-૧૭, ગાંધીનગર**

તા. ૨૫/૬/૨૦૧૬થી તા. ૨૯/૬/૨૦૧૬ સુધી ત્રિપુરા મેડીકલ કૉલેજમાં ઓપરેશન માટે જતા હોવાથી મળી શકશે નહિ.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com